ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૩૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

ગાંધીનગર તાપમાન

# ગાંધીનગરથી વિશ્વ યોગ દિને ૫૦૦ બસો દોડાવાશે

ગાંધીનગર, તા.૨૫

વિશ્વ યોગ દિન અવસરે અમદાવાદમાં ગુજરાત સરકાર અને પતંજલિ યોગ સમિતિના સંયુકત ઉપક્રમે ત્રિદિવસીય નિઃશુલ્ક યોગ ચિકિત્સા તથા ધ્યાન શિબિર યોજાશે. જેના માટે નાગરિકોને યોગ શિબિર સ્થળે લઈ જવા રાજય સરકાર ગાંધીનગરથી ૫૦૦ એસ.ટી. બસો દોડાવશે. આ શિબિરમાં અંદાજે રાજયભરમાંથી ૫ લાખ લોકો જોડાશે. જેના માટે યોગ સમિતિના પ્રતિનિધિ રાજયભરમાં ડોર ટુ ડોર પ્રચાર-પ્રસાર અને જનસંપર્ક કરી રહ્યા છે.

'યોગ કરો-નિરોગી રહો' ના સૂત્ર સાથે ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિનની વિશ્વ આખામાં ઉજવણી થનાર છે.

આ યોગ દિનના અવસરે ગુજરાત સરકાર તથા પતંજલિ સમિતિના સંયુકત ઉપક્રમે વિશાળ નિઃશુલ્ક યોગ ચિકિત્સા તથા ધ્યાન શિબિરનું આયોજન અમદાવાદ જીએમડીસી એઈએસ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. શિબિર તા. ૧૮ થી ૨૧ જૂન ૨૦૧૭ના રોજ સવારે ૫ થી ૭.૩૦ કલાક સુધી



ચાલશે. જેમાં યોગગુરુ સ્વામી રામદેવજી તથા આચાર્ય બાલકૃષ્ણજી યોગનું માર્ગદર્શન આપશે. આ ૨૧ જૂનના વર્લ્ડ રેકોર્ડનો ભોગ બની વિશ્વ સ્તરે સન્માન અપાવવા ઈચ્છુક ગ્રામ-નગરજનો માટે રાજય સરકારની મદદથી યોગ સ્થળે પહોંચાડવા માટે વિશેષ એસ.ટી. બસોની સુવિધા કરવામાં આવી છે. અંદાજે ગાંધીનગરમાંથી એસ.ટી. તંત્ર ત્રણ દિવસ માટે બસો દોડાવશે. આ યોગ શિબિરમાં રાજયભરમાંથી આશરે ૫ લાખ નાગરિકો જોડાશે. જેના માટે પતંજલિ યોગ સમિતિના પ્રતિનિધિઓ વિવિધ જિલ્લાઓમાં ડોર ટુ ડોર પ્રચાર કરી જનસંપર્ક કરી રહ્યા છે અને યોગની પ્રાથમિક માહિતી આપી રહ્યા છે. રાજય સરકાર દ્વારા પણ સ્થાનિક સંસ્થાઓને જોડાવવા પણ અનુરોધ કરવામાં આવી રહ્યો છે. આ શિબિરમાં પોતાનું નામ નોંધાવવા નાગરિકોએ ૭૮૭૮૪૦૪૪૫૫ પર મિસ કોલ કરવાનો રહેશે. જેથી આપના નામની નોંધણી થશે. પ્રવેશપત્ર બનાવીને યોગપ્રેમીઓ ટી-શર્ટ અને કેપ ફીમાં મેળવી શકશે. ઉપરાંત નોંધણીની વ્યવસ્થા તમામ પતંજલિ સ્ટોર્સ તથા શિબિર કાર્યાલય જીએમડીસી ગ્રાઉન્ડ હેલ્મેટ ચાર રસ્તા પાસે અમદાવાદ પર ઉપલબ્ધ છે તેમ આયોજકોએ જણાવ્યું હતું.

## વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપાં પીવડાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ અતર્ગત તા. ૨૯મી મે સોમવારે સાંજે ૪ થી ૬ તથા તા.૩૦મી મે મંગળવારે સવારે ૮.૩૦ થી ૧૨ વાગ્યા દરમિયાન જિલ્લાના તમામ સરકારી આયુર્વેદ દવાખાનાઓ પર સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવાશે.

● હિંમતનગર તરફથી આવતી કારે સરિતા ઉદ્યાન પાસે ઈન્દ્રોડા ગામમાં જવાના રસ્તા નજીક એક બાઈક સવારને હડફેટે લીધો હતો. આ અકસ્માતમાં કાર ચાલક અને બાઈક સવાર બંનેને ઈજા થવા પામી હતી.

● મહાત્મા મંદિરે 'મીની વાઈબ્રન્ટ' જેવી આફ્રિકન ડેવલપમેન્ટ બેંકની સાધારણ સભાનું ગુરુવારે સાંજે સમાપન થયું હતું. આ કાર્યક્રમ પૂર્ણ થતા સરકારી તંત્રના અનેક વિભાગો જેવા કે માહિતી ખાતું, માર્ગ અને મકાન વિભાગ તથા ખાસ કરીને પોલિસ તંત્રના કર્મચારીઓએ રાહતનો દમ લીધો છે.

● શહેરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે નવ નિર્માણ પામેલ સોસાયટી વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો લગાડવાનું કાર્ય ધીમે ધીમે પ્રારંભ થયું છે. આ વિસ્તારમાં નવા રોડ સહિતના કાર્યોનો મોડો પરંતુ હવે પ્રારંભ થઈ જતા વસાહતીઓમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે.

## સે-૪ ઓમકારેશ્વર મહાદેવ ખાતે આંખ-દાંતની ચકાસણી માટેનો કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ઓમકારેશ્વર મહાદેવ ટ્રસ્ટ અને વોર્ડ નં. ૮ના નગરસેવક પ્રવિણાબેન વોરાના સંયુકત સૌજન્યથી આંખ અને દાંતની ચકાસણી માટેનો સેવાયજ્ઞ યોજાયો હતો. આ કેમ્પમાં જાણીતા ડૉ. તાપસ રાવલ અને તેમની ટીમ દ્વારા નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી હતી. મંદિર ટ્રસ્ટ પ્રમુખશ્રી જગદીશભાઈ રાવલ અને તેમની ટીમ દ્વારા લોકભાગીદારીથી મંદિરમાં રામ પરિવાર અને રાધા કૃષ્ણની સ્થાપના કરવામાં આવી હતી. તેના હર્ષમાં નગરસેવક પ્રવિણાબેન વોરા દ્વારા ઉકત સેવા પ્રવૃત્તિ કરવામાં આવી હતી. સર્વધર્મ સમભાવ અને સમરસતાથી ભરપૂર આ કેમ્પનો મોટી સંખ્યામાં સિનિયર સીટીઝન્સ અને નગરના જરૂરીયાતમંદ નાગરિકોએ લાભ લીધો હતો. મંદિરમાં અવારનવાર આવા કેમ્પો યોજવામાં આવે છે.

# લવારપુર ગામમાં તસ્કરો ત્રાટકયા

## પરિવાર બહાર સુતું હતું ત્યારે પાછળના દરવાજાની ગ્રીલ તોડીને તસ્કરો મકાનમાં ઘુસ્યા : રૂ. ૧.૮૩ લાખની ઘરફોડ





ગાંધીનગર, તા.૨૫

ચિલોડા નજીક આવેલા લવારપુર ગામમાં ગઈ રાત્રિ દરમિયાન એક ખેડુત પરીવાર પોતાના ઘરની બહાર ખાટલા પાથરીને સુઈ ગયું હતું ત્યારે પાછળના દરવાજાની ગ્રીલ તોડીને તસ્કર ટોળકી મકાનમાં ઘુસી હતી. મકાનમાં ઘુસીને તસ્કરો સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૫૫ હજાર મળીને કુલ રૂ. ૧.૮૩ લાખની મત્તાની ચોરી કરી રફફુચક્કર થઈ ગયા હતા. મકાન માલિકની ફરિયાદને આધારે ડભોડા પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

લવારપુર ગામની સીમમાં આવેલા બળિયાદેવ મંદિરની સામે રહેતા મહેશભાઈ અંબાલાલ પટેલ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ ખેડુત પરીવાર ગઈ રાત્રે પોતાના ઘરને તાળુ મારીને બહાર ખાટલા પાથરીને સુઈ ગયું હતું. તે દરમિયાન રાત્રિના ૧૨ વાગ્યાથી સવારના પાંચ વાગ્યાના સમયગાળા દરમિયાન તસ્કર ટોળકીએ આ મકાનને ટાર્ગેટ બનાવ્યું હતું. ખેતર તરફથી મકાનના પાછળના દરવાજાની ગ્રીલ પાસે આવી પહોંચેલા તસ્કરોએ ગ્રીલ તોડી અંદર મકાનમાં પ્રવેશ કર્યો હતો અને મકાનમાં ઘુસીને તિજોરી ખોલી સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૫૫ હજાર મળી કુલ રૂ. ૧,૮૭,૮૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી અંધારામાં ઓગળી ગયા હતા. મહેશભાઈની ફરિયાદને આધારે ડભોડા પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો નોંધી ડોગ સ્કવોર્ડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી તસ્કરો સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે.

## અડાલજ નર્મદા કેનાલમાં ચાંદખેડાના યુવાનની છલાંગ

ગાંધીનગર, તા.૨૫

અડાલજ નર્મદા કેનાલમાં આજે બપોરના અરસામાં ચાંદખેડાના એક યુવાને મોતની છલાંગ લગાવી હતી. કેનાલના પાણીમાં શોધખોળ કરવા છતાં તેનો પત્તો મળ્યો નથી. બહિયલના તરવૈયાઓની ટીમ બોલાવી કેનાલમાં યુવાનની શોધખોળ કરવામાં આવી હતી. જો કે મોડી સાંજ સુધી મૃતદેહ મળ્યો ન હોવાનું જાણવા મળ્યું છે. અડાલજ પોલિસ અને બહિયલના તરવૈયાઓની ટીમ દિવસભર ઘટનાસ્થળે હતા અને કેનાલમાં ડુબેલા યુવકની શોધખોળ જારી રાખી હતી.

## ચરેડી છાપરા ખાતે ટીબીના ૨ શંકાસ્પદ કેસ મળ્યા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લા ક્ષયકેન્દ્ર દ્વારા આજે શહેરના ચરેડી છાપરા આ કાર્યક્રમ બાદ યોજાયેલ ચકાસણીમાં આ વિસ્તારમાંથી ટીબીના ૨ શંકાસ્પદ કેસ પણ મળી



વિસ્તારમાં ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટીબીના રોગની ગંભીરતા, આ રોગને નાબૂદ કરવા સાવચેતી સહિતની તલસ્પર્શી માહિતી પુરી પાડવામાં આવી હતી. આવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, એસટીએસ તૃષ્ણા પટેલ સહિત સે-૨૯ અર્બન હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર અને સ્ટાફે ઉપસ્થિત રહી સેવાઓ આપી હતી.

# સાદરામાં રેતી માફીયાઓનો ગ્રામજનો પર હિંસક હુમલો

**રેતી ભરીને જતી ટ્રકો ગામના આંતરિક માર્ગને બદલે બીજા માર્ગેથી લઈ જવાનું કહેતા ટોળુ ધોકા લઈને આવ્યું : પાંચ ઘાયલ : પોલિસ રેતી માફીયાઓને છાવરતી હોવાના આક્ષેપ**

ગાંધીનગર, તા.૨૫

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા સાદરા ગામના સાંકડા રસ્તાઓ પરથી રેતી ભરેલી ટ્રકો માંતેલા સાંઢની માફક નિકળતી હોવાથી ગ્રામ પંચાયતે આ આંતરીક રસ્તાના બદલે અન્ય રસ્તાનો ઉપયોગ કરવા રેતી માફીયાઓને કહેવામાં આવ્યું હતું. તેમ છતાં આજે નદીમાંથી રેતી ભરીને ટ્રકો આંતરિક માર્ગ પરથી લઈ જવાઈ રહી હતી ત્યારે ગ્રામજનોએ એક ટ્રક રોકતા ધમાલ થવા પામી હતી. રેતી માફીયાઓનું ટોળુ ધોકા લઈને ગામમાં આવી ગયું હતું અને ગ્રામજનો પર હિંસક હુમલો કર્યો હતો. પાંચ ઘાયલોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા તો બીજી તરફ ચિલોડા પોલિસ હુમલાખોર રેતી માફીયાઓના નામ જોગ ફરિયાદ લેવાનો ઈન્કાર કરી માફીયાને છાવરતી હોવાનો ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે.

સાદરા ગામની પાછળથી પસાર થતી નદીમાં લિઝમાંથી રેતી ટ્રકોમાં ભરીને ગામના આંતરિક માર્ગ પરથી બેફામ નીકળતી હોવાથી ગ્રામજનો તથા બાળકોના જીવનું જોખમ રહેતું હતું. જેને પગલે ગ્રામ પંચાયતે અન્ય માર્ગનો ઉપયોગ કરવા રેતી માફીયાઓને કહ્યું હતું. તેમ છતાં આજે રેતી ભરેલી ટ્રકો ગામના રસ્તા પરથી પસાર થતા એક ટ્રક ગ્રામજનોએ રોકી હતી. રેતી માફીયાઓને આ મેસેજ મળતા થોડી જ વારમાં ૨૦ જેટલા વ્યકિતઓનું ટોળુ ધોકા અને લાકડીઓ લઈને ગામમાં આવી ગયું હતું અને ગ્રામજનો પર હુમલો કરતા પાંચ ઘાયલ થયા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલોને દાખલ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ ફરિયાદમાં હુમલાખોરોના નામ પોલિસને આપ્યા ત્યારે ચિલોડા પોલિસે નામજોગ ફરિયાદ લેવાનો ઈન્કાર કરી રેતી માફીયાઓને છાવરી રહી હોવાનો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા હતાં.

## સરઢવમાં જુગાર રમતા પાંચ શકુની પકડાયા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક સરઢવ ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી પેથાપુર પોલિસને મળતા આજે બપોરે સ્મશાનની બાજુમાં તળાવ પાસે દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુનીને પેથાપુર પોલિસે પકડી પાડયા હતા. સરઢવ ગામના ભવાન કાળાજી ઠાકોર, કાંતી આત્મારામ પરમાર, ખોડા મફાજી ઠાકોર, શકરા મંગાજી ઠાકોર અને પરષોત્તમ કચરાભાઈ પટેલ મળીને પાંચે શકુનીઓની રોકડ રૂ. ૧૪૩૦ ની મત્તા સાથે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## રથયાત્રામાં જોડાવા માંગતી સંસ્થાઓને નિમંત્રણ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૨૨માં પંચદેવ મંદિરથી દર વર્ષે અષાઢી બીજના શુભ દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજવામાં આવે છે. આ વર્ષે ૩૩મી રથયાત્રા તા. ૨૫મી જુન રવિવારે નગરના માર્ગો પર પરંપરાગત રીતે પરિભ્રમણ કરશે. રથયાત્રા સમિતિ દ્વારા શહેરની સામાજીક સંસ્થાઓ, ધાર્મિક મંડળો, જ્ઞાતિ સંસ્થાઓ તેમજ નગરની શાળાઓને ટેબ્લો સ્વરૂપે તેમજ ભજન મંડળીઓને ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં જોડાવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રથયાત્રામાં જોડાવા સમિતિના ચિમનભાઈ ચૌહાણ મો.નં. ૯૮૨૪૫૦૧૧૭૩ અથવા પ્રદિપસિંહ બિહોલા મો.નં. ૯૮૨૫૮૧૫૬૩૧ પર ફોન કરી પંચદેવ મંદિરે રૂબરૂ સંપર્ક સાધવા જણાવાયું છે.

## આઈ લવ માય ગાંધીનગર



**રજનીકાન્ત સુથાર**
યુવા સંયોજક
નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર

**ગાંધીનગર ગમે**

હરિયાળી, સુંદરતા, સહજતા, સરળતા, સેવા, કલા, સંસ્કૃતિ અને અનેકવિધ પ્રવૃત્તિઓના ધમધમાટને કારણે આ શહેર ગમે છે.

**નગરજનો**

આદર્શ નગરજનોની વ્યાખ્યામાં મૂકી શકાય તેવા પ્રબુદ્ધ નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગ્રો ફાઉન્ડેશન, નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ, શિવરંજની, જી ઈ કલબ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી કલા, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મને ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

યુવા વર્ગ સમાજ ઉન્નતિનાં કાર્યોમાં રસ લે એ માટેનું એક વ્યવસ્થિત તંત્ર ઊભું કરવાની જરૂરિયાત અનુભવાય છે.

**નગર માટે હું કરી શકું**

યુવાવિકાસની પ્રવૃત્તિઓનો ભેખ લીધો છે. એ માટે સર્વ પ્રકારની સહાય, સેવા માટે સર્વદા તૈયાર છું.



## આહીર વિદ્યાર્થી ભવન હોસ્ટેલની પ્રવેશ કસોટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત આહીર કેળવણી મંડળ, રાજકોટ સંચાલિત ડૉ. સુભાષ પી. ચાવડા આહીર વિદ્યાર્થી ભવન, ગાંધીનગરની હોસ્ટેલમાં આહીર સમાજના વિદ્યાર્થી ભાઈઓને ટોકન ચાર્જથી રહેવા-જમવાની ગુણવત્તાયુકત વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જેમાં વિદ્યાર્થીઓની વિવિધ શૈક્ષણિક ફેકલ્ટીવાઈઝ કવોટા નિયત કરીને જગ્યાઓ ભરવામાં આવે છે.

ગાંધીનગરમાં રહીને સરકારી નોકરી માટેની કોમ્પીટીટીવ એકઝામની તૈયારી કરવા માંગતા વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવા-જમવા માટે એડમિશન આપવા માટે ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાંથી ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ સાથે ગ્રેજયુએટ હોય તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કર્યા બાદ તા. ૨૫-૫-૨૦૧૭ના રોજ ૧૦૧ ભાઈઓની જનરલ નોલેજની પ્રાથમિક કસોટી યોજવામાં આવી હતી. જે પૈકી હોસ્ટેલની કેપેસીટી તથા નિયમો મુજબ ટેસ્ટમાં ઉત્તીર્ણ થનાર ૩૦ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે. આ પ્રસંગે અમદાવાદથી નરેન્દ્રભાઈ ભેટારીયા તથા દેવાયતભાઈ વાઘમસી હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માટે એલ.કે. જોગલ, હોસ્ટેલના ગૃહપતિ રામભાઈ ભાટુ તથા નારણભાઈ પીઠીયાએ જહેમત ઉઠાવી હતી.

## પેથાપુરમાં ઘર આંગણે પાર્ક કરેલા પીકઅપ ડાલાની ચોરી

ગાંધીનગર, તા.૨૫

પેથાપુર ખાતે સોમનાથ સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્રભાઈ વિષ્ણુભાઈ પટેલે પોતાના ઘર આંગણે પાર્ક કરેલા પીકઅપ ડાલાને કોઈ વાહનચોર નિશાન બનાવી ચોરી કરી ગયો હોવાની વિગતો ધ્યાને આવી છે. ૨૧મેની રાત્રિ દરમિયાન ઘર આંગણે પાર્ક કરેલું રૂ. ૫ લાખની કિંમતનું પીકઅપ ડાલુ નં જીજે ૧૮ એ.વાય. ૯૦૪૧ની ઉઠાંતરી કરી ચોર રફફુચક્કર થઈ ગયો હતો. આ મામલે વાહનમાલિક ધર્મેન્દ્રભાઈ પટેલે પેથાપુર પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

# સે-૩૦માં મંદિરનું રિનોવેશન અટકાવાતા વિરોધ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૩૦માં 'જ' ટાઈપ ખાતે મહાદેવજીના મંદિરના રિનોવેશનને અટકાવાતા વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગદળે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જો તંત્ર દ્વારા આ મંદિરને બનતું અટકાવવામાં આવશે તો વીએચપી ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. મંદિરના કાર્યોને અટકાવાથી સે-૩૦ના શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાઈ છે તેવી રજુઆત કરવામાં આવી હતી.

સેકટર-૩૦માં જુની આરટીઓ ઓફિસ નજીક નાના શોપીંગ સેન્ટરની પાછળના વિસ્તારમાં વર્ષો જુની મહાદેવજીની દેરી બનેલી છે. આ નાનું મંદિર આસપાસના વિસ્તારના વસાહતીઓની શ્રધ્ધાનું કેન્દ્ર બનેલ છે અને ખાસ કરીને મહિલા શ્રધ્ધાળુઓ અહીં નિયમિત ભજન-કિર્તન કરે છે. આ મહિલા શ્રધ્ધાળુઓ દ્વારા ફાળો ઉઘરાવી આ મંદિરનું રિનોવેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ રિનોવેશન કાર્યને સે-૩૦ ઈન્કવાયરીના એસ.ઓ. નિલેશભાઈ ઝડફિયા દ્વારા ગેરકાયદેસર બાંધકામ ગણાવી અટકાવવામાં આવતા ગાંધીનગર શહેર વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે.

વીએચપી-બજરંગદળના કાર્યકરોએ આ મુદ્દે આજે પાટનગર યોજના ભવન ખાતે વિભાગ-૧ના કાર્યાપાલક ઈજનેર કે.એન. રાવતને મળી સુપ્રિમ કોર્ટનો આદેશ હોવા છતાં શહેરની મસ્જિદો પરના ભૂંગળા ઉતરાયા નથી તેમજ આવેદનપત્ર આપવા છતાં સે-૨૪ની ગેરકાયદેસર મટન માર્કેટ બંધ કરાઈ નથી તેને પહેલા બંધ કરવા માંગ કરી હતી. આ સાથે તેમણે જો મંદિર બનતું અટકાવાશે તો વીએચપી-બજરંગ દળ ઉગ્ર આંદોલન કરશે અને તેની જવાબદારી કાર્યપાલક ઈજનેર તથા એસઓની રહેશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.



## ચિરવિદાય

● સ્વ. હિરાબેન વિરમભાઈ પટેલ, ઉ.વ. ૭૫